Gujarati(P) 3119


23. Marathi(P)

1865
[illegible]

S.H.18
ગુજરાતી
3113/ઉ

રાષ્ટ્રીય

# પ્રભાત ફેરી ગીત સંગ્રહ



3113
G

પ્રકાશક:
સૂર્યશંકર જયશંકર
ગોળપીઠા–મુંબઈ ૪

કીંમત ૧ આનો.

NATIONAL ARCHIVES LIBRARY
No 3113
Date 28.3.72
GOVT. OF INDIA

IMPERIAL RECORD DEPARTMENT
RECEIVED
23 MAR 1931

# રાષ્ટ્રીય
# પ્રભાત ફેરી ગીત સંગ્રહ

## ધુન

રઘુપતિ રાઘવ રાજારામ, પતિતપાવન સીતારામ.
રાધા કૃષ્ણજય કુંજ વિહારી, મુરલીધર ગોવર્ધનધારી.
રાજા રામ રામ રામ, સીતા રામ રામ રામ.
જય શ્રીકૃષ્ણ જય શ્રીરામ, અધમ ઉદ્ધારણ પુરણ કામ.
ઇશ્વર અલ્લા તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન.

---

## વન્દેમાતરમ સ્તોત્ર

(૨)

શુદ્ધ સુંદર અતિ મનોહર મંત્ર વન્દેમાતરમ;
મૃદુલ સુખકર દુઃખહારી મંત્ર વન્દેમાતરમ,
મંત્ર યહ હૈ તંત્ર યહ હૈ જંત્ર વન્દેમાતરમ;
સિદ્ધિદાયક બુદ્ધિદાયક એક વન્દેમાતરમ,
ઓજમય બળ કાંતિમય સુખ શાંતિ વન્દેમાતરમ:
મતિપ્રદાયક અતિ સહાયક મંત્ર વન્દેમાતરમ,

હરઘડી હરબાર હો હરમાન વન્દેમાતરમ્;
હરદમ હમેશાં બોલીએ ગુરુ મંત્ર વન્દેમાતરમ્,
જપીએ નિરંતર શુદ્ધ મનશે મંત્ર વન્દેમાતરમ્;
સોતે સમય ખાતે સમય કલગાન વન્દેમાતરમ્,
આઠો પ્રહર દિલમેં રહે મૃદુતાન વન્દેમાતરમ્;
મુખસે હૃદયસે રાતદિન હો, જાપ વન્દેમાતરમ્,
તેગસે શિરભી કટે ભૂલો ન વન્દેમાતરમ્;
મોતકી ઘડીઆં ગુંજાદો નાદ વન્દેમાતરમ્;
જેલમેં હો તો જપો શુભ જાપ વન્દેમાતરમ્,
બેડીઆં ઝંકાર દે શુભ તાન વન્દેમાતરમ્;
વીર ગોલી તોપકી હૈ આડ વંન્દેમાતરમ,
તેગ બરછી કે લીયે હૈ ઢાલ વન્દેમાતરમ્;
કર્ણકા દ્રઢ કવચ હૈ એક શબ્દ વન્દેમાતરમ,
વિશ્વવિજયી શત્રુ વિજયી મંત્ર વન્દેમાતરમ્;

---

## वंदेमातरम्

(૩)

અય માતૃભુમિ તેરે ચરણોમેં શીર નમાઉ ।
મૈં ભક્તિ ભેટ અપની તેરી શરણમેં લાઉં ॥
માથે પૈ તુ હો ચંદન, છાતી પૈ તું હો માલા ।
જિવ્હા પે ગીત તું હો મેં તેરા નામ ગાઉં ॥ ૧ ॥

જિસસે સુપૂત ઉપજે ગાંધી તિલક જેસે ।
ઉસ તેરી ધુલિકો મે નિજ શીશ પૈ ચઢાઉં ॥ ૨ ॥

માની સમુદ્ર જીસકી ધુલીકા પાન કરકે ।
કરતા હે માન તેરા, ઉસ પૈરકા મનાઉં ॥ ૩ ॥
વે દેશ માનવાલે ચઢકર ઉતર ગયે સબ ।
ગોરે રહે ન કાલે, તુજકોહી એક પાઉં ॥ ૪ ॥
સેવામેં તેરી સારે ભેદોં કો ભુલ જાઉં ।
વહ પૂન્ય નામ તેરા પ્રતિદિન સુનુ સુનાઉં ॥ ૫ ॥
તેરેહી કામ આઉં, તેરાહી મંત્ર ગાઉં ।
મન ઔર દેહ તુજ પર બલિદાન મૈં ચઢાઉં ॥ ૬ ॥

---

## સતનો સંગ્રામ.

(૪)

સતનો માંડયો છે સંગ્રામ, પ્યારી માતૃભૂમિને કાજે;
કીધાં કેસરિયાં આ વાર; —પ્યારી૦
અમને મળ્યા શૂરા સરદાર, કંપાવી સરકાર;
લડવા થયા અમે તૈયાર; —પ્યારી૦
અમને થયું ખરેખર ભાન, દિલમાં ફેલાયું તાન;
કરશું કાયાને કુરબાન; —પ્યારી૦
સાચો કર્યો અમે પડકાર હડસે પરદેશી સરકાર;
લડશું સર્વે હારોહાર —પ્યારી૦
માથુ ને ધડ જુદા થાય, તોપણ, ડગશું નહિ તલભાર;
સત્યાગ્રહનું છે હથિયાર; —પ્યારી૦
આખી પ્રજા બની છે એક, શિરને સાટે લીધી ટેક,
ભારતની સાચી નેક; —પ્યારી૦

# "નહિ નમશે નિશાન ભુમિ ભારતનું"

(૫)

નહિ નમશે નહિ નમશે, નિશાન! ભુમિ ભારતનું
ભારતની એ ધર્મ ધ્વજાનું (૨)
સાચવશું સન્માન!–ભુમિ ભારતનું, નહિ નમશે૦
ઐક્ય તણો એ અમરપટો છે, (૨)
મુક્તિનું વરદાન!–ભુમિ ભારતનું; નહિ નમશે૦
ભારત માતાના મંદિર પર એ, (૨)
શાન્તિનું એંધાણ!–ભુમિ ભારતનું; નહિ નમશે૦
ચક્ર શુદર્શન અંક્તિ એ તો, (૨)
હિંદી જનના પ્રાણ!–ભુમિ ભારતનું; નહિ નમશે૦
સફેદ લીલું લાલ ત્રિરંગી (૨)
વિરોધનું સંધાણ!–ભુમિ ભારતનું: નહિ નમશે૦
સફેદમાં સહુ ધર્મે ધાર્યું (૨)
ઇશ્વરનું ફરમાન!–ભુમિ ભારતનું; નહિ નમશે૦
લીલામાં ઇસ્લામી ધર્મે (૨)
રાખ્યું પાક કુરાન!–ભુમિ ભારતનું: નહિં નમશે૦
લાલ સનાતન આર્ય પ્રજાનું (૨)
મંગળ મૂર્તિમાન!–ભુમિ ભારતનું: નહિ નમશે૦
અચળ અમારે આંગણ એ તો (૨)
સ્વરાજનું મંડાણ–ભુમિ ભારતનું. નહિ નમશે૦
સાચા હિન્દી શુરાઓનું (૨)
એ છે વિજય સુકાન–ભુમિ ભાતરનું; નહિ નમશે૦

# મોહન મીઠું પકાવે.

(૬)

દાંડી તણા કિનારે મોહન મીઠું પકાવે,
મોહન મીઠું પકાવે સૈનિક સઉ પકાવે. દાંડી

એકસોને ચાર યોદ્ધા બાપુની સંગ ચાલે,
સત્યાગ્રહી પકાવે સરકાર તે ઝુંટાવે. દાંડી

અહિંસાતણા સૈનિકો શસ્ત્રો વિના ઝઝુમે,
સરકારી જુલ્મો સામે ગાંધીજી શીર ઉઠાવે. દાંડી

સ્વતંત્રતાને કાજે અપુર્વ યુદ્ધ જમાવે,
જોશે જગત ન જોયું આ રાજ્યને ઉખાડે. દાંડી

અહિંસા તણા એ વીરો સબરસ સરસ પકાવે,
દુનિયામાં સઉથી મોટો સઉ કોઇને નમાવે. દાંડી

ભારતતણા સંતાનો સઉ જેલને સ્વીકારે,
જાલીમ જો દમ બતાવે ભરતીનાં પુર આવે. દાંડી

એ જુલ્મી કર જો જાશે બીજા પછી તોડાશે,
સ્વાતંત્ર્ય વીણ ઉદાસી બીજુ કશુ ન ભાવે. દાંડી

જાલીમ તણા સીતમને ભડવીર એ નમાવે,
પડકારથી ધ્રુજાવે સલ્તનતને એ ડોલાવે. દાંડી

આપોને ભોગ વીરો માતાને કાજ આજે,
સ્વાતંત્ર્ય યુદ્ધ માટે વીર હાક આજે ગાજે. દાંડી

## કર્મયુગ.

(૭)

આ ગયા હૈ કર્મયુગ કુછ કર્મ કરના શીખલો:
દેશ પર અરૂ જાતિ પર હંસ કે મરના શીખલો.
મારનેકા નામ મત લો, પહેલે મરના શીખલો;
મિસ્લે આયર્લેન્ડ દબ કર, ફિર ઉભરના શીખલો.
પાર યદિ હોના તુમ્હે પરતંત્રતા દુઃખ સિંધુસે;
તૈર કર તો રકતસાગરસે ઉતરના શીખલો.
ફિર જલા દોંગે સકલ સંસારકો ક્ષણ માત્રમેં;
દેશદુઃખકી આગમેં પર પહેલે જલના શીખલો.
જેલયાત્રાકે લિયે દિન રાત ઉત્સાહિત રહો;
કૃષ્ણ-જન્મસ્થાનમેં નિર્ભય વિચરના શીખલો.
દેખના હૈ દૃશ્ય ભારત વર્ષમેં યદિ સ્વર્ગકા;
દેશકા તો પ્રાણપનસે દુઃખ હરના શીખ લો.

---

## ધન્ય ગાંધીજી.

(૮)

ધન્ય ગાંધીજી ધન્ય જવાહીર ધન્ય નહેરૂજી.
ભારતમાં જે સ્વતંત્ર કરવા થયા જેલવાસી; ધન્ય૦

દારૂ છોડો ખાદી પહેરો સ્વતંત્રતા માટે:
તેત્રીસ કોટી સંતાનો છે ભારતના આજે. ધન્ય૦

ઉઠો બંધુઓ ઉઠો ભગીની રણહાકો વાગે;
સત્યાગ્રહના શસ્ત્રો સજ્જો સુરા સઉ સાથે. ધન્ય૦

જુલ્મીસતાનો ગર્વ ટાળવા જંગ માંડયા આજે;
રણે ચડેલા સત્યાગ્રહીઓ પાછા નહી હઠશે. ધન્ય૦

## વીરહાક વાગે છે.

(૯)

વાગે છે રે વાગે છે મારા બાપુની વીરહાક વારે છે!
ડોલે છે રે ડોલે છે જુલ્મીના રાજપાટ ડોલે છે.
જાલીમના જુલમો તે હાકેમની બેડીઓ,
એકેક તડાકે તૂટે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
અંધારાં આથમ્યાં ને ઓથાર ઓસર્યાં,
રણનાં રણશીંગડાં વાગે છે-મારા બાપુની વીરહાક વાગે છે.
પટલાઇનાં પોથાં ને નોકરીનાં થોથાં,
લોકો ફટાફટ ફેંકે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
સરકારી શાળાનાં ભણતર મુકીને,
જંગે જુવાનીઆ ઝુકે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
દૈત્યરાજ ફીટે ને રામરાજ વ્યાપે,
સતના ડંકા ગાજે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
કાયરતા કાઢીને વીરતા વ્હોરી,
શુરા સંગ્રામમાં ઝુઝે છે-મારા બાપુની વીરહાક વાગે છે.

---

## સ્વરાજ્ય સવારી.

(૧૦)

આવે છે રે આવે છે સ્વરાજ્ય સવારી આવે છે,
જયનાદ ગગનમાં ગાજે છે, સ્વરાજ્ય સવારી આવે છે.
દૂર સ્વપ્ન થકી દુર કહેવાતું
થાઓ લાયક ત્યારે જોવાનું
શું બાળક ચાંદો માંગે છે-સ્વરાજ્ય૦

તડ પાડી રાજ્ય અહીં કરવાં'તા,
ઇલ્કાબ ખિતાબો ધરવાં'તા
કાઉન્સીલે ફારસ કરવાંતા—સ્વરાજ૦

પંજાબ ખિલાફતથી ચેત્યા
ગાંધીજી અસહકાર ચઢયા,
ધ્વજ લીલો લાલ ચઢાવે છે—સ્વરાજ૦

નોકરશાહી હાથ પડયા હેઠા
ફાંફાઓ વિધવિધ લઈ બેઠા,
પણ નહિ ચાલે જખ મારે છે—સ્વરાજ્ય૦

હરિ લાજ હવે તારે હાથે,
વ્રત મોટાં લીધાં તુજ સાખે
બાજી દે કદિ ના પાછા હઠીએ—સ્વરાજ્ય૦

---

## પ્રતિજ્ઞા.

(૧૧)

અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે,
ભલે કાયાના કટકા થાય. અમે૦
ભલે વરસે વરસાદ મહા જુલ્મનો રે,
ભલે થવાનું હોય તે થાય. અમે૦
અમે ગુજરાતનું નામ નહિ બોળશું રે,
ભલે માથું ને ધડ જુદાં થાય. અમે૦
અમે કીધાં કેસરિયાં પ્રેમથી રે,
ભારતની રાખવા લાજ. અમે૦

# ખાદીથી સ્વરાજ્ય.

(૧૨)

પરદેશી કાપડ છોડો ને સુંદર ખાદી પહેરો—
મારા ભાઇઓ ગાંધી છોડાવવા સ્હેલ છે.
ભભકાને ફેશન છોડો ને જાડી ખાદી પહેરો—
મારી બ્હેનો ગાંધી છોડાવવા સ્હેલ છે.
આળસ પરનીંદા ત્યાગો રેંટીયાથી પ્રીતી બાંધો—
મારા ભાઇઓ સ્વરાજ્ય લેવું સ્હેલ છે.
ખાદીની ધુન લગાવો ખાદીનું તાન જગાવો—
મારી બ્હેનો સ્વરાજ્ય લેવું સ્હેલ છે.
ખાદી તાકા લઇ ફરજો સૌને તમ જેવા કરજો—
મારા ભાઇઓ ગાંધી છોડાવા સ્હેલ છે.
ઘરમાં સૌને સમજાવો ખાદીનો મંત્ર પઢાવો—
મારી બ્હેનો ગાંધી છોડાવવા સ્હેલ છે.
જીવતાં કે મરવા ટાણે ખાદી વાપરજો કાણે—
મારા ભાઇઓ સ્વરાજ્ય લેવું સ્હેલ છે.
શાળા સરકારી નમાલી છોડાવો એની ગુલામી—
મારી બ્હેનો સ્વરાજ્ય લેવું સ્હેલ છે
વણનારો તાણો વાણો અત્યંજને બંધુ જાણો—
મારા ભાઇઓ ગાંધી છોડાવવા સ્હેલ છે.

## ચરખા ચલા ચલા કે લેંગે સ્વરાજ લેંગે

(૧૩)

ચરખા ચલા ચલા કે, લેંગે સ્વરાજ લેંગે,
મલમલ જો હૈ વિદેશી, આનેંકા ગજ મિલેગી;
ખાદી નહિ ત્યજેંગે—લેંગે૦
બહોત્તર કરોડ રૂપિયા, પરદેશ જા રહા હૈ,
ઉસકુ બચા બચાકે—લેંગે૦
ચરખેકી ધણધણાટ, રણભેરિ યા બજેંગે,
અંગ્રેજ કો સુનાકે—લેંગે૦
યા હક્ક હૈ હમારા, તન જાનસેભી પ્યારા,
મરને નહી ડરેંગે—લેંગે૦
હમ સબ પરેડ ફૌજી, કમાન હમારા ગાંધી,
આજ્ઞા ઉસીકી લેંગે—લેંગે૦
તેત્રીસ કરોડ ફૌજી, રણ સાથ એ ચલેંગે,
ગાંધી હુકમ કરેંગે—લેંગે૦
ચરખા હી તોપ બનેંગે, તકલી બને હૈ બરછી.
ગોલેસે સુતકે હમ—લેંગે૦

---

## શક્તિમન્ત્ર.

(૧૪)

જનનિ ભારત આજ હમકો, મધુર બીણા સુના રહી હૈ;
સ્તતંત્રતાકા રાગ ગાકર, માનો અમૃત પીલા રહી હૈ.
સેંકડો વર્ષોસે હમ થે, ભાગ્યહીક ફરમેં;
ઉસકી નિર્ભરતા છોડાકર, સ્વાવલંબન શીખા રહી હૈ.

થા નિરાશા કા ભયાનક, ભૂત જો હમ પર ચઢા;
રાષ્ટ્ર કે સંગીત બલસે, શીઘ્ર ઉસકો ભગા રહી હૈ.
ફિર ભલા મૈ દીનતાકે, શબ્દ કૈસે કહ સકું ?
જબકી માતા મીઠે સ્વર સે, શકિતમન્ત્ર પઢા રહી હૈ.

---

# વીર જવાહીર.

(૧૫)

ભારતકા ડંકા આલમમેં, બજવાયા વીર જવાહર ને,
સ્વાધીન બનો, સ્વાધીન, સમઝાયા વીર જવાહીર ને,
વહ લાલ જો મોતીલાલકા હૈ, હૈ લાલ દુલારા ભારતકા,
સોતે ભારત કો હક કરકે જગવાયા વીર જવાહરને,
અંગ્રેજો કી મૃગતૃષ્ણા મેં, ભુલે થે ભારતવાસી સબ,
પુરી આઝાદી કા મંત્ર, સીખલાયા વીર જવાહર ને,
ખોટી હૈ રાજનીતી ઉસને, છાની હૈ ખાખ વીદેશાકી.
સમતા સ્વતંત્રકા મારગ, દીખલાયા વીર જવાહરને.
પૂજપતી જમીદાર કરતે હૈં જુલ્મ મજૂર કીસાનો પર,
બન સાથી દોનોં કા ધીરજ, ધરવાયા વીર જવાહરને,
ઇક રોશન આગ ધધકતી હૈ, આજાદી કી ઉસકે દીલમેં,
જીસસે યુવકોં કા મર્દા દીલ ચમકાયા વીર જવાહર ને,
આદર્શ-ચરીત સં વહ અપને, યુવકોં કા હૈ સમ્રાટ બના,
આઝાદીકા ઉંચા ઝંડા, ફરકાયા વીર જવાહરને.
બીજલી હૈ વાણી મેં ઉસકી જાદુ હૈં આંખોમે ઉસકી,
દેખા જીસકો એક પલ ભરમેં, અપનાયા વીર જવાહરને.

# લઇશું સ્વરાજ લઈશું.

## (૧૬)

સરદાર હમારા ગાંધી, કપતાન હમારા નહેરૂ;
સત્યાગ્રહી છે સેના, લઇશું સ્વરાજ લઇશું; ૧

ગાંધીને રાતે પકડી, પુર્યા યરોડા જેલે;
કાર્યક્રમ છે ચાલુ, લઇશું સ્વરાજ લઇશું; ૨

સીંહણ હમારી કમલા, વાઘણ હમારી લીલા;
દેવી હમારી નાઇડુ, લઈશું સ્વરાજ લઇશું; ૩

ચરખા ચલાઓ જનતા, કાંતો હવે તો પુણીઓ;
એ સુતરને તારે, લઇશું સ્વરાજ લઇશું; ૪

તકલી ફીરાઓ ભાઇ, સુતર નીકાલો હાથે;
તેની બનાઓ ખાદી, લઇશું સ્વરાજ લઇશું; ૫

ખાદી બનાવી હાથે, અંગને તમે દીપાવો;
ખાદીનો મહીમા ભારી, લઇશું સ્વરાજ લઇશું; ૬

ત્યાગો વિદેશી કાપડ, પહેરો સ્વદેશી ખાદી;
ખાદી થકી આબાદી, લઇશું સ્વરાજ લઇશું; ૭

દરીઆનુ પાણી લાવી, સહુએ બનાવ્યું મીઠું;
પ્રતિબંધ મીઠું વેચ્યું, લઇશું સ્વરાજ લઈશું; ૮

વડાલા પર ધાડ પાડી, લુંટયું બધાએ મીઠું;
કાયદો અમોએ તોડયો, લઈશું સ્વરાજ લઇશું; ૯

કોગ્રેસ હાઉસ ઉપર, સરકારે ધાડ નાખી;
પકડી લીધા નેતાઓ, લઈશું સ્વરાજ લઈશું; ૧૦

સરકાર હવે તો થાકી, પકડીને છોડી દે છે;
શાન્તી થકી હવે તો, લઇશું સ્વરાજ લઇશું; ૧૧
હીંદુ મુસલમાન ભાઇ, સંપે રહીશું હીંદે;
એ ઐયકતાના કાજે, લઇશું સ્વરાજ લઇશું; ૧૨
રામ અને રહીમના, નામો ભલે જુદા છે;
બંન્ને થઇને સાથે, લઇશું સ્વરાજ લઇશું; ૧૩

---

## ડંકો વાગ્યો

(૧૭)

ડંકો વાગ્યો લડવૈયા, શુરા જાગજો રે.
શૂરા જાગજો રે; કાયર ભાગજો રે;
ડંકો વાગ્યો.

માથું મેલો, સાચવવા સાચી ટેકને રે;
સાચી ટેકને રે (૨)
માથું મેલો૦
તોડી પાડો સરકારી જુલ્મી કાયદા રે;
જુલમી કાયદા રે (૨)
તોડી પાડો૦
ભારત મુક્તિને કાજે કાયા હોમજો રે;
કાયા હોમજો રે; (૨)
—ભારત૦
ડંકો વાગ્યો ભારતની બ્હેનો જાગજો રે,
બ્હેનો જગજો રે વિદેશી ત્યાગજો રે;
ડંકો વાગ્યો.

# 'ભારતભુમી ઉજવાળશે'—કોણ ?

સાબરમતીનો સંત ગાંધી, મહાત્મા લેખાય છે;
જીવનભરનો મંત્ર સાચો, દેશપ્રેમ દેખાય છે,
બ્યુગલ ફુંક્યું, સાબર તટે, યુવાન હિંદી જાગશે.
ધન્ય સાચા વીર તે, ભારતભુમી ઉજવાળશે. [૧]
લુંટાય લક્ષ્મી—આબરૂ આજે અમારા દેશની,
કંગાલ હાલત આજ છે, દુઃખી અમારા દેશની;
બગડી દશા સુધારવા આજે યુવાનો જાગશે;
ધન્ય સાચા વીર તે ભારતભુમી ઉજવાળશે. [૨]
રોટી મળે ના, હિંદના કોટી જણોને ભુખ છે;
નગ્ન હાલતમાં રવડવું, એ શું ઓછું દુઃખ છે ?
દુઃખો સઉ એ ટાળવા જે યુદ્ધમાં ઝુકાવશે;
ધન્ય સાચા વીર તે ભારતભુમી ઉજવાળશે. [૩]
જંજીર ગુલામી તોડવા યુવાન કેસરીઆં કરે;
ન્યાય નીતિ, સત્ય ખાતર લેશ પણ વીર નવ ડરે,
જુલ્મી કરો દફનાવવા નર—નારીઓ ઝુકાવશે;
ધન્ય સાચા વીર તે ભારતભુમી ઉજવાળશે. [૪]
આઝાદ કરવા હિંદને શુરા ઘુમે સમરાંગણે;
સત્ય નીતિ ન્યાયને સત્યાગ્રહી કંઠે ભણે;
ઉપદેશ સાધુ સતનો, "અહીંસા" સદા જે પાળશે;
ધન્ય સાચા વીર તે ભારતભુમી ઉજવાળશે. [૫]
નિજ ટેક સાચવતા કદી હિંદી શુરા હઠશે નહિ;
આઝાદ કરવાની પ્રતિજ્ઞા પાળતા ડગશે નહિ,

લાડી ગણી વરમાળને ચાહોમ કરી ઝંપલાવશે;
ધન્ય સાચા વીર તે ભારતભુમી ઉજવાળશે. [૬]

આઝાદ મંત્રો ફુંકતા ના જેલની પરવા ધરે;
સાચા શુરા સત્યાગ્રહીને ગોળીઓ પણ શું કરે ?
સત્યાગ્રહી રહી શાંત ને નિજ કાર્ય ચાલુ રાખશે;
ધન્ય સાચા વીર તે ભારતભુમી ઉજવાળશે. [૭]

× × × +

દેશસેવાનો મળ્યો અવસર અહા ! અણમુલ છે;
પરદેશી કાપડ પહેરવું એ આજ ગંભીર ભુલ છે.
સ્વતંત્ર કરવા દેશને જે વિરનરો હોમાય છે;
કોટી કોટી વંદના એ વિરનરોને ધન્ય છે. [૮]

---

## ઈન્કીલાબ ઝીન્દાબાદ.

### (૧૯)

ભારત ભરમાં ગાજે નાદ—ઇન્કીલાબ ઝીન્દાબાદ
નવજુવાનો હોંશીઆર—ઇન્કીલાબ ઝીન્દાબાદ
ગામડીયા પોકારે નાદ—ઇન્કીલાબ ઝીન્દાબાદ
સૈનિકોના વિજય નાદ—ઇન્કીલાબ ઝીન્દાબાદ
એક અવાજે ગાજે નાદ—ઇન્કીલાબ ઝીન્દાબાદ
શહીદોના મરણ નાદ—ઇન્કીલાબ ઝીન્દાબાદ

---

# હિંદુસ્તાનીઓને વિનંતી.

(૨૦)

વસ્ત્રો વીદેશી પેહેરવાં બંધ કરો, ખાદી ખરબચડી ખંતથી અંગ ધરો
લોહીના અક્ષર લખાયા, એ વિદેશી કાપડ મહી,
કારીગરોના હાથ કાપ્યા, જુલ્મ બહુ ઝાઝા કરી.
એવા પાપી વસ્ત્રોનો બહિષ્કાર કરો,—વસ્ત્રો.

દાટ વાળ્યો દેશનો, પૈસાની બરબાદી કરી,
લક્ષ્મી લુંટાવી હીન્દની, પરદેશીના ખીમાં ભરી.
જાગ્યા ત્યારથી હવે તો સવાર ગણો,—વસ્ત્રો.

રોજી ગરીબોની ગઇ, ઉદ્યોગ ધંધા આથમ્યા,
ભુખ દુઃખ કેરા ત્રાસથી, બેહાલ બાંધવ થઈ ગયા.
એવા દીનબંધુની હવે વહાર કરો.—વસ્ત્રો.

કાયા કલંકીત ના કરો, મરકી તણા એ ચેપથી,
હળાહળ છે ઝેર એમાં ભયંકર ભોરીંગથી.
એવા વિષારી વસ્ત્રોનો વીનાશ કરો—વસ્ત્રો.

વેપારીઓ વેપાર છોડો, દેશ દ્રોહી ના બનો;
એ લોહીના વેપારને, તીલાંજલી તત્પર દીયો.
છોડી ગુલામી સાચા સપુત બનો,—વસ્ત્રો.

તોપ ગોળા બંદુકોથી, અસરકારક શસ્ત્ર એ,
બોમ્બ બેયોનેટ ભાલા, તુચ્છ પણ તલવાર છે.
મહાત્માજીના મનોરથ સીદ્ધ કરો—ખાદી.

## રણહાક.

હાક પડી વીર નર જાગજોરે,
બની બહાદુર આવાર (૨)
રણનાં રણશીંગડાં વાગીઆં. ટેક

સાબરમતીથી સૈન્ય નિસર્યું રે,
બન્યા ગાંધી સરદાર (૨)
ગામડાં જગાવતાં ચાલીઆ,
દાંડી મીઠાંને કાજ (૨) રણનાં૦ ૨

સંગ્રામ રંગ બધે જામીઆરે,
ભલી ભારત મોઝાર (૨)
દશે દિશાઓ ડગમગી
સમજો સાનમાં આ સાર (૨) રણનાં૦ ૩

મારો નહિ મરતાં શીખોરે,
એવો ગાંધીજીનો મંત્ર (૨)
મંદિર ગણો તમે જેલને,
તમે થાશો સ્વતંત્ર (૨) રણનાં૦ ૪

ઝુઝે છે વીર બધા જંગમાંરે,
ધરી અહિંસાની ઢાલ (૨)
જેલમાં જતાં જે ડરે નહિ,
સુખે દેતાં જાનમાલ (૨) રણનાં૦ ૫

---

પ્રત ૨૦૦૦] આવૃત્તિ પહેલી [સંવત ૧૯૮૬

મુદ્રક: હરગોવિન્દ એ. પરમાર :: પ્રવીણસાગર પ્રિન્ટીંગ પ્રેસ
ગુલાલવાડી : મુંબઈ ૪